જો તમે મને શોધશો; હા જો તમારા ખરા હ્રદયથી
મને શોધશો તો હું તમને મળીશ.

# ઈશ્વરની ખોજ

# ઈશ્વરની ખોજ

જેવી રીતે ઈબ્રાહીમ આધિનતા અને આજ્ઞાંકિતપણા દ્વારા "દેવનો મિત્ર" કહેવાયો તે જ મુજબ તમે પણ ઈશ્વરને પ્રાપ્ત કરી શકશો.; તેની દયા, શાંતિ અને આશિષ ની અનુભૂતિ કરી શકશો. ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે વિશ્વાસથી ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે વિશ્વાસથી ઈશ્વરને સંપૂર્ણપણે અર્પાઈ જવાથી જીવનનો મહામૂલો અવસર પ્રાપ્ત થાય છે. જેઓ સંપૂર્ણ અંત:કરણથી ઈશ્વરને શોધે છે તેઓને ઈશ્વર પ્રગટ થાય છે; આ કેવું અદ્દભૂત અને અજાયબ !

જો તમે તમારા પોતાના માર્ગો થી પાછા ફરીને, ઈશ્વરને સાચો સાચ સોંપાઈ જશો તો તેનો પવિત્ર આત્મા તમારામાં વાસો કરશે. જો તમે પૂરી આધિનતાથી તેની પાછળ ચાલશે અને તેની આજ્ઞાઓ પાળશો તો તેના પ્રેમથી તમને કોઈ જુદા કરી શકશે નહિં.તે તમારો દેવ થશે અને તમે તેનો મૂલ્યવાન ખજાનો બનશો. તમને ખાત્રી થશે કે ઘણી જ કિંમત ચૂકવીને તેણે તમને ખરીદ્યા છે, અને તે તમારી સાથે હમણાથી સદાસર્વકાળ સંગત રાખવા માંગે છે.

ઈશ્વરના શાસ્ત્રમાંથી લીધેલા વચનો આ પુસ્તિકામાં ટાંકવામાં આવ્યાં છે તેનો તમે જ્યારે અભ્યાસ કરો ત્યારે ઈશ્વરને પ્રાર્થના અને વિનંતી કરો કે તમે તે પૂરી રીતે સમજી શકો. દૈવિ પ્રેરણા થકી આ વચનો ઈશ્વરે તેના સંતો, સેવકો દ્વારા લખાવ્યાં છે, અને તે મિટાવી દેવા માટે શેતાને ઘણા યત્નો કર્યા છતાં ઈશ્વરે સદીઓથી ચમત્કારિકરી તે આ સર્વ જાળવી રાખ્યું છે.

*આ સમગ્ર પુસ્તિકામાં નોંધવામાં આવેલ વચનો બાઈબલમાંથી લેવામાં આવેલ છે. નિયમ શાસ્ત્ર (તોરાહ) ગીતશાસ્ત્ર (ઝબુર) સુવાર્તા (ઈંજીલ) વિગેરે.*

---

All scriptures are taken from the Gujarati Bible with permission from the Bible Society of India.

# સાચો ઈશ્વર માત્ર એક જ છે.



"યહોવા આપણો દેવ તે એકલોજ યહોવા છે; અને યહોવા તારા દેવ પર તું તારા પૂરા અંત:કરણથી તથા તારા પૂરા મનથી તથા તારા પૂરા બળથી પ્રીતિ કર."

- પુનર્નિયમ ૬ : ૪ બ, ૫

આકાશોને ઉત્પન્ન કરનાર યહોવા તેજ દેવ છે; પૃથ્વીનો બનાવનાર તથા તેનો કર્તા તે છે; તેણે એને સ્થાપન કરી, ઉજ્જડ રહેવા સારુ એને ઉત્પન કરી નથી, તેણે વસતિને સારુ તેને બનાવી; તે એવું કહે છે કે, "હું યહોવા છું; અને બીજો કોઈ નથી."

- યશાયા ૪૫ : ૧૮

"કે જેથી પૃથ્વીની સર્વ પ્રજાઓ જાણે કે યહોવા એ જ દેવ છે, બીજો કોઈ નથી."

- ૧ રાજાઓ ૮ : ૬૦

"હું યહોવા છું; એ જ મારું નામ છે; હું મારું ગૌરવ બીજાને આપવા દઈશ નહિં."

- યશાયા ૪૨ : ૮

યહોવા કહે છે, "તમે મારા સાક્ષી છો" અને "મારા સેવકને મેં પસંદ કર્યો છે કે જેથી તમે મને જાણઓ, ને મારો ભરોસો કરો, ને સમજો કે હું તે છું; મારા પહેલાં કોઈ દેવ થયો નથી, ને મારી પાછળ કોઈ થવાનો નથી. હું, હું જ યહોવા છું; અને મારા વિના બીજો કોઈ ત્રાતા નથી."

- યશાયા ૪૩ : ૧૦, ૧૧

"હે પૃથ્વીના છેડા સુધીના સર્વ લોકો, મારી તરફ ફરો, ને તારણ પામો; કેમકે હું દેવ છું, ને બીજો કોઈ નથી."

- યશાયા ૪૫ : ૨૨

# ઈશ્વર દયાળુ અને કૃપાળુ છે.

યહોવા દયાળુ તથા કરુણાળુ છે, તે કોપ કરવામાં ધીમો તથા કૃપા કરવામાં મોટો છે. જેમ પૃથ્વીથી આકાશ ઊંચુ છે, તેમ તેના ભક્તો પર તેની કૃપા વિશાળ છે.

- ગીતશાસ્ત્ર ૧૦૩ : ૮, ૧૧

પણ યહોવાની કૃપા તેના ભક્તો પર એટલે જેઓ તેનો કરાર માને છે, તથા તેની આજ્ઞાઓ પાળવાને યાદ રાખે છે તે સર્વ પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે.

ગીતશાસ્ત્ર ૧૦૩ : ૧૭ અ, ૧૮બ

તારા જેવો દેવ કોણ છે ? કેમ કે તું તો પાપ માફ કરે છે, ..... કેમ કે તે દયા કરવામાં આનંદ માને છે.

- મીખાહ ૭ : ૧૮

યહોવાની કૃપાને લીધે અમે નાશ પામ્યા નથી, કેમકે તેની દયા અખૂટ છે; તે દર સવારે નવી થાય છે; તારું વિશ્વાસુપણું મહાન છે

- યર્મિયાનો વિલાપ ૩ : ૨૨, ૨૩

કેમકે જો કે તે દુઃખ દે, તો - પણ પોતાની પુષ્કળ કૃપા પ્રમાણે તે દયા કરશે.

- યર્મિયાનો વિલાપ ૩ : ૩૨

કૃપાળુની સાથે તું કૃપાળુ દેખાશે.

- ગીતાશાસ્ત્ર ૧૮ : ૨૫ અ

યહોવાનો આભાર માનો, કેમકે તે કૃપાળુ છે, કેમકે તેની દયા સદાકાળ ટકે છે

- ૧ કાળવૃતાંત ૧૬ : ૩૪

"કેમકે હું જાણતો હતો કે તું કૃપાળુ તથા કરુણા રાખનાર દેવ છે, ક્રોધ કરવામાં ધીમો ને ઘણો દયાળુ ... "

- યૂના ૪ : ૨ બ

યહોવાએ દૂર દેશમાં મને દર્શન દઈને કહ્યું કે, "હા, મેં તારા પર અખંડ પ્રીતિ રાખી છે; તે માટે મેં તારા પર કૃપા રાખીને તને મારી તરફ ખેંચી છે." - યર્મિયા ૩૧ : ૩

કેમ કે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે, એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે.

- યર્મિયા ૨૯ : ૧૧

યહોવા કહે છે કે, "મેં તમારા પર પ્રીતિ રાખી છે." - માલાખી ૧ : ૨ અ

જેમ બાપ પોતાનાં છોકરાં પર દયાળુ છે, તેમ યહોવા પોતાના ભક્તો પર દયાળુ છે.

- ગીતશાસ્ત્ર ૧૦૩ : ૧૩

જુઓ મને શાંતિ મળે તે માટે અતિ શોક થયો હતો ; તેં પ્રીતિથી મારો જીવ વિનાશના ખાડામાંથી બહાર કાઢયો છે ; તેં મારાં સર્વપાપ તારી પીઠ પાછળ નાખી દીધાં છે. - યશાયા ૩૮ : ૧૭

દેવનો જે પ્રેમ આપણા પ્રત્યે છે તે આપણે જાણીએ છીએ, અને આપણે તે પર વિશ્વાસ કર્યો છે. આપણે પ્રેમ રાખીએ છીએ કેમ કે પ્રથમ તેણે આપણા પર પ્રેમ રાખ્યો.

- ૧ યોહાન ૪ : ૧૬ અ ૧૯

"તારો દેવ યહોવા તારામાં છે, તે સમર્થ તારક છે; તે તારે માટે બહુ હરખાશે, તે તારા પરની તેની પ્રીતિમાં શાંત રહેશે, તે ગાતાં ગાતાં તારે માટે હર્ષ કરશે." - સફાન્યા ૩ : ૧૭

હે દેવ, તારી કૃપા કેવી અમૂલ્ય છે !

- ગીત શાસ્ત્ર ૩૬ : ૭ અ

# જીવનમાં સૌથી મોટી બાબત ઈશ્વરને ઓળખવો તે છે.

પોતાના દેવને ઓળખનાર લોકો બળવાન થશે, ને પરાક્રમી કામો કરશે.

- દાનિયેલ ૧૧ : ૩૨ બ

"પણ જે કોઈ અભિમાન કરે તે આ વિષે અભિમાન કરે કે, તે સમજીને મને ઓળખે છે કે, હું પૃથ્વી પર દયા, ન્યાય તથા નીતિ કરનાર યહોવા છું ; કેમ કે એઓમાં મારો આનંદ છે," એમ યહોવા કહે છે. - યર્મિયા ૯ : ૨૪

તેનાં સાક્ષ્ય પાળનારાઓને ધન્ય છે ; તેઓ પૂર્ણ હૃદયથી તેને શોધે છે.

- ગીતશાસ્ત્ર ૧૧૯ : ૨

"મેં આજે તારી આગળ જીવન તથા મરણ, આશીર્વાદ તથા શાપ મૂકયાં છે; માટે જીવન પસંદ કર કે, તું તથા તારાં સંતાન જીવતાં રહે : યહોવા તારા દેવ પર પ્રીતિ રાખવાનું, તેની વાણી સાંભળવાનું, ને તેને વળગી રહેવાનું પસંદ કર : કેમ કે તે તારું જીવન તથા તારા આયુષ્યની વૃદ્ધિ છે." - પુનર્નિયમ ૩૦ : ૧૯ બ ૨૦ અ

કેમ કે હું ભલાઈ ચાહું છું, ને યજ્ઞાર્પણ નહિ; અને દહનાર્પણો કરતાં ઈશ્વરનું જ્ઞાન ચાહું છું.

- હોશિયા ૬ : ૬

જેમ પાણીનાં નાળાંને સારુ હરણ તલપે છે ; તેમ હે દેવ, તારે સારુ મારો આત્મા તલપે છે.

- ગીત શાસ્ત્ર ૪૨ : ૧

અને તેણે કહ્યું કે, મારી સમક્ષતા તારી સાથે આવશે, ને હું તને વિસામો આપીશ.

- નિર્ગમન ૩૩ : ૧૪

"જ્યાં સુધી તમે યહોવાના પક્ષમાં રહેશો. ત્યાં સુધી તે તમારી સાથે રહેશે ; જો તમે તેને શોધશો, તો તે તમને મળશે ; પણ જો તમે તેને તજશો, તો તે તમને તજી દેશે."

- ૨ કાળવૃતાંત ૧૫ : ૨ બ

"હૃદય સહુથી કપટી છે, તે અતિશય ભૂંડું છે ; તેને કોણ જાણી શકે ? " - યર્મિયા ૧૭ : ૯

એક એવો માર્ગ છે કે જે માણસને અદલ લાગે છે ખરો, પણ પરિણામે તે મોતનો જ માર્ગ છે.

- નીતિવચનો ૧૬ : ૨૫

કેમકે જે દૂતોએ પાપ કર્યું તેઓને દેવે છોડ્યા નહિ, પણ તેઓને નરકમાં નાખીને ન્યાયકરણ થતાં સુધી અંધકારના ખાડાઓમાં રાખ્યા; પ્રભુ તેના ભક્તોને પરીક્ષણમાંથી છોડાવવાનું જાણે છે, અને અન્યાયીઓને તથા વિશેષે કરીને જેઓ દુર્વાસનાઓથી દૈહિક વિકરો પ્રમાણે ચાલે છે, તેઓને ન્યાયકાળ સુધી શિક્ષાને માટે રાખી મૂકવાનું તે જાણે છે. - ૨ પિત્તર ૨ : ૪, ૯

"પરંતુ જો તમે યહોવાની વાણી સાંભળશો નહિં પણ યહોવાની આજ્ઞા વિરૂધ્ધ ફિતૂર કરશો, તો યહોવાનો હાથ તમારી વિરૂધ્ધ થશે. "

- ૧ શમુએલ ૧૨ : ૧૫ અ

" જો કોઈ મારામાં રહેતો નથી, તો ડાળીની પેઠે તેને બહાર ફેંકી દેવામાં આવે છે, અને તે સુકાઈ જાય છે; પછી લોક તેઓને એકઠી કરીને અગ્નિમાં નાખે છે, ને તેઓ બળી જાય છે."

- યોહાન ૧૫ : ૬

પણ અપરાધીઓ સમૂળગા નાશ પામશે; પરિણામે દુષ્ટોનો ઉચ્છેદ થશે.

- ગીતશાસ્ત્ર ૩૭ : ૩૮

# ઈશ્વરને પ્રાપ્ત કરવા તેની શોધ કરવી જ પડે

તમે મને શોધશો, ને તમે તમારા ખરા હૃદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ.

- યર્મિયા ૨૯ : ૧૩

જો તું...... દાટેલા દ્રવ્યની પેઠે શોધ કરશે; તો દેવનું જ્ઞાન તારે હાથ લાગશે.

- નીતિવચનો ૨ : ૪, ૫

"માગો, તો તમને અપાશે ; શોધો, તો તમને જડશે ; ઠોકો, તો તમારે સારુ ઉઘાડાશે."

- માથ્થી ૭ : ૭

પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો એ બનતું નથી ; કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે, અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ.

- હિબ્રૂ ૧૧ : ૬

"મારા પર પ્રેમ કરનારાઓ પર હું પ્રેમ રાખું છું ; જેઓ ખંતથી મને શોધે છે તેઓને હું જડીશ."

- નીતિ વચનો ૮ : ૧૭

જેઓ તેની વાટ વાટ જુએ છે, ને જે માણસ તેને શોધે છે તેઓ પ્રત્યે યહોવા ભલો છે.

- યર્મિયાનો વિલાપ ૩ : ૨૫

"તેણે માણસોની સર્વ પ્રજાઓને આખી પૃથ્વીના પૃષ્ઠ પર રહેવા સારુ એકમાંથી ઉત્પન્ન કરી જેથી તેઓ ઈશ્વરને શોધે કે, કદાચ તેઓ તેને માટે ફંફોચીને તેને પામે, પરંતુ તે આપણામાંના કોઈથી વેગળો નથી. "

- પ્રેરિતોનાં કૃત્યો ૧૭ : ૨૬ અ, ૨૭

"તથાપિ હું તો દેવની ખોજ કરું, અને મારી બાબત દેવને સોંપું."

- અયૂબ ૫ :૮

"કેમકે તમારો દેવ યહોવા કૃપાળુ તથા દયાળુ છે, ને જો તમે તેની પાસે પાછા આવો, તો તે પોતાનું મુખ તમારી તરફથી અવળું નહિં ફેરવે."
- ૨કાળવૃતાંત ૩૦ : ૯ બ

કેમકે, હે પ્રભુ, તું ઉત્તમ તથા ક્ષમા કરવાને તત્પર છે, તને અરજ કરનાર સર્વ પર તું ઘણો કૃપાળુ છે. - ગીતશાસ્ત્ર ૮૬ : ૫

તમે દેવની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે. - યાકૂબ ૪ : ૮ અ

જેઓ તેને વિનંતી કરે છે, જેઓ ખરા ભાવથી તેને વિનંતી કરે છે, તે સર્વની પાસે યહોવા છે.
- ગીત શાસ્ત્ર ૧૪૫ : ૧૮

યહોવા કહે છે ; "આવો, આપણે વિવાદ કરીએ : તમારાં પાપ જો કે લાલ વસ્ત્રના જેવાં હોય, તો પણ તેઓ હિમ સરખાં શ્વેત થશે ; જો તે કિરમજના જેવાં રાતાં હોય, તો પણ તેઓ ઊન સરખાં થશે." - યશાયા ૧ : ૧૮

"ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો." - માથ્થી ૧૧ : ૨૮, ૨૯

"જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ" - યોહાન ૬ : ૩૭ બ

"હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો, જેની પાસે કંઈ પણ નાણું નથી તે તમે આવો; વેચાતું લો, અને ખાઓ; વળી આવીને નાણાં વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષારસ તથા દૂધ વેચાતાં લો." - યશાયા ૫૫ : ૧

# ઈશ્વર પવિત્ર છે.

"હે યહોવા, તારા જેવો પવિત્રતામાં મહિમાવાન કોણ છે ?" - નિર્ગમન ૧૫ : ૧૧

"યહોવા જેવો પવિત્ર કોઈ નથી; કેમકે તારા સિવાય બીજો કોઈ નથી." - ૧ શમુએલ ૨ : ૨ અ

દુષ્ટતા કરવી એ ઈશ્વરથી અળગુ રહો ; અને અન્યાય કરવો એ સર્વશક્તિમાનથી દૂર થાઓ

- અયૂબ ૩૪ : ૧૦ બ

"પવિત્ર, પવિત્ર, પવિત્ર છે સૈન્યોનો દેવ યહોવા; આખી પૃથ્વી તેના ગૌરવથી ભરપૂર છે."

- યશાયા ૬ : ૩ બ

કેમકે જે ઉચ્ચ તથા ઉન્નત છે, જે સનાતનકાળથી છે, જેનું નામ પવિત્ર છે, તે એવું કહે છે : હું ઉચ્ચસ્થાને તથા પવિત્રસ્થાને રહુ છું. - યશાયા ૫૭ : ૧૫ અ

"એક, એટલે દેવ, તે વિના કોઈ ઉત્તમ નથી."

- માર્ક ૧૦ : ૧૮ બ

"હે પ્રભુ, તારાથી કોણ નહિ બીશે, અને તારા નામની સ્તુતિ કોણ નહિ ગાશે ? કેમકે એકલો તું પવિત્ર છે." - પ્રકટીકરણ ૧૫ : ૪ અ

તેઓ તારા મહાન તથા ભયાવહ નામની સ્તુતિ કરો ; તે પવિત્ર છે. - ગીતશાસ્ત્ર ૯૯ : ૩

આપણા દેવ યહોવાને મોટો માનો ...... કેમ કે આપણો દેવ યહોવા પવિત્ર છે.

- ગીતશાસ્ત્ર ૯૯ : ૯

"પવિત્ર, પવિત્ર, પવિત્ર, પ્રભુ દેવ, સર્વશક્તિમાન જે હતો, જે છે, ને જે આવનાર છે." - પ્રકટીકરણ ૪ : ૮ બ

તું વિશ્વાસ કરે છે કે, દેવ એક છે ; તો તું સારું કરે છે ; ભૂતો પણ વિશ્વાસ કરે છે, અને કાંપે છે. પણ, ઓ નિર્બુધ્ધ માણસ, કરણીઓ વગર વિશ્વાસ નિર્જીવ છે, એ જાણવાની તું ઈચ્છા રાખે છે ? પણ તમે વચનના પાળનારા થાઓ, પોતાને છેતરીને કેવળ સાંભળનારા જ નહિં.

- યાકૂબ ૨ : ૧૯, ૨૦, ૧ : ૨૨

દુષ્ટના માર્ગથી યહોવા કંટાળે છે ; પણ નેકીને અનુસરનાર પર તે પ્રેમ કરે છે.

- નીતિવચનો ૧૫ : ૯

જે કહે છે કે, " હું તેને ઓળખું છું, " પણ તેની આજ્ઞા પાળતો નથી, તે જુઠો છે, અને તેનામાં સત્ય નથી. એથી દેવનાં છોકરાં તથા શેતાનનાં છોકરાં ઓળખાઈ આવે છે : જે કોઈ ન્યાયીપણું કરતો નથી, અને જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખતો નથી, તે દેવનો નથી. - ૧ યોહાન ૨ : ૪ ; ૩ : ૧૦

સઘળાંની સાથે શાંતિથી વર્તો, અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિં તેને ધોરણે તમે ચાલો. - હિબ્રૂ ૧૨ : ૧૪

પણ જેણે તમને તેડયા છે, તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારના આચરણમાં પવિત્ર થાઓ. - ૧ પિત્તર ૧ : ૧૫

ભલું શોધો, ભૂંડુ નહિ, એથી તમે જીવતા રહેશો; અને ત્યારે, સૈન્યોનો દેવ યહાવા તમારી સાથે રહેશે. - આમોસ ૫ : ૧૪

તેના પવિત્ર - સ્થાનમાં કોણ ઊભો રહી શકશે ? જેના હાથ શુધ્ધ છે, જેનું હ્રદય નિર્મળ છે તે. જ. - ગીતશાસ્ત્ર ૨૪ : ૩ બ, ૪ અ

ન્યાયથી વર્તવું, દયાભાવ રાખવો, તથા તારા દેવની સાથે નમ્રતાથી ચાલવું, એ સિવાય યહોવા તારી પાસે બીજું શું માંગે છે ?

- મીખાહ ૬ : ૮ બ

"તમે પવિત્ર થાઓ; કેમકે હું યહોવા તમારો દેવ પવિત્ર છું." - લેવીય ૧૯ : ૨ બ

"તારા દેવ પ્રભુ પર તારા ખરા હ્રદયથી તથા ખરા જીવથી તથા તારા પૂરા સામર્થ્યથી તથા તારા ખરા મનથી પ્રેમ રાખવો; અને જેવો પોતા પર તેવો તારા પડોશી પર પ્રેમ રાખવો."

- લૂક ૧૦ : ૨૭ બ

"તું આજ્ઞાઓ જાણે છે, 'હત્યા ન કરવી', 'વ્યભિચાર ન કરવો,' 'ચોરી ન કરવી,' 'જૂઠી શાહેદી ન પૂરવી,' 'ઠગાઈ ન કરવી,' 'માબાપનું સન્માન કરવું' - માર્ક ૧૦ : ૧૯

આ જગતનું રૂપ તમે ન ધરો ;પણ તમારાં મનથી પૂર્ણ રીતે રૂપાંતર પામો. - રૂમી ૧૨ : ૨ અ

"એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિં; પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર કે, તેમાં જે બધુ લખેલું છે તે તું કાળજીથી પાળે ; કારણ કે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે." - યહોશુઆ ૧ : ૮

"દેવ પર વિશ્વાસ રાખો."

- માર્ક ૧૧ : ૨૨ બ

" તમે યહોવા તમારા દેવની સેવા કરજો. "

- નિર્ગમન ૨૩ : ૨૫ અ

છ વાનાં યહોવા ધિક્કારે છે ; હા, સાતવાનાં તેને કંટાળો ઉપજાવે છે : એટલે ગર્વિષ્ઠ આંખો, જૂઠાબોલી જીભ, નિર્દોષ લોહી વહેવડાવનાર હાથ; દુષ્ટ તરંગો રચનાર હૃદય, નુકશાન કરવાને દોડી જનાર જલદ પગ; અસત્ય ઉચ્ચરનાર જૂઠો સાક્ષી, અને ભાઈઓમાં કુસંપનું બીજ વાવનાર.

**- નીતિ વચનો ૬ : ૧૬ - ૧૯**

"કેમ કે હું યહોવા ઈન્સાફ ચાહું છું, અન્યાયથી કરેલી લૂંટફાટનો હું ધિક્કાર કરું છું ."

**- યશાયા ૬૧ : ૮ અ**

"પણ બીકણો, અવિશ્વાસીઓ, ભ્રષ્ટ થયેલા, ખૂનીઓ, વ્યભિચારીઓ, જાદુક્રિયા કરનારા, મૂર્તિપૂજકો તથા સઘળા જૂઠાઓનો ભાગ અગ્નિ તથા ગંધક થી બળનારી ખાઈમાં છે ; એ જ બીજું મરણ છે." - પ્રકટીકરણ ૨૧ : ૮

એ માટે તમારા મન વિષે સાવધાન રહો, ને કોઈ પણ પોતાની જુવાનીની પત્ની સાથે કપટથી ન વર્તો. કેમ કે તમારો પત્નીત્યાગ (ડાયવર્સ) હું ધિક્કારું છું. - માલાખી ૨ : ૧૫ બ, ૧૬ અ

"તમારામાંના કોઈએ પોતાના અંત : કરણમાં પોતાના પડોશી વિરૂધ્ધ બૂરો વિચાર મનમાં પણ આણવો નહિં ; અને કોઈએ જૂઠા સોગન ખાવા નહિ ; કેમ કે હું આ સર્વ કૃત્યોને ધિક્કારું છું, એવું યહોવા કહે છે." - ઝ ખાર્યા ૮ : ૧૭

"તમે પોતાને માણસોની આગળ ન્યાયી દેખાડો છો ; પણ દેવ તમારાં અંત:કરણ જાણે છે ; કેમ કે માણસોમાં જે ઉત્તમ ગણેલું છે તે દેવની દ્રષ્ટિમાં કંટાળારૂપ છે." - લૂક ૧૬ : ૧૫ બ

# ઈશ્વરના ધોરણો પુરા કરવામાં લોકો ઊણા ઉતરે છે.

" પણ હું જાણું છું કે દેવ પરની પ્રીતિ તમારામાં નથી. " - યોહાન ૫ : ૪૨

કેમ કે જે કોઈ આખું નિયમશાસ્ત્ર પાળશે, અને માત્ર એક જ બાબતમાં ભૂલ કરશે, તે સર્વ સંબંધી અપરાધી છે. - યાકૂબ ૨ : ૧૦

ત્યારે મેં કહ્યું, "અફસોસ છે મને ! મારું આવી બન્યું છે ; કારણકે હું અશુધ્ધ હોઠોનો માણસ છું ને અશુધ્ધ હોઠોના લોકોમાં હું રહું છું ; કેમ કે મારી આંખોને રાજાને એટલે સૈન્યોના દેવ યહોવાને જોયો છે. " - યશાયા ૬ :૫

માટે જે ભલું કરી જાણે છે, પણ કરતો નથી, તેને પાપ લાગે છે. - યાકૂબ ૪ : ૧૭

જેમ શાસ્ત્રમાં લખેલું છે તે પ્રમાણે, કોઈ ન્યાયી નથી, એક પણ નથી. - રૂમી ૩ : ૧૦

કારણકે સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે.

- રૂમી ૩ : ૨૩

જે કોઈ ન્યાયીપણું કરતો નથી, અને જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખતો નથી, તે દેવનો નથી. - ૧ યોહાન ૩ : ૧૦ બ

આપણે સર્વ ઘેટાંની પેકે ભટકી ગયા છીએ, દરેક પોતપોતાને માર્ગે વી ગયો છે.

- યશાયા ૫૩ : ૬ અ

"યહોવા એટલે આ પવિત્ર દેવ આગળ કોણ ઊભું રહી શકે ? ...... "

- ૧ શમુએલ ૬ : ૨૦ બ

કેમ કે હું તેઓ વિષે સાક્ષી પૂરું છું. કે દેવ ઉપર તેઓની આસ્થા છે ખરી, પણ તે જ્ઞાન વગરની છે. કેમ કે દેવના ન્યાયીપણા વિષે અજ્ઞાન હોવાથી અને પોતાના (ન્યાયીપણા)ને સ્થાપન કરવાને યત્ન કરીને, તેઓ દેવના ન્યાયીપણાને આધીન થયા નહિ. - રૂમીઓનો પત્ર ૧૦: ૨, ૩

અમે સર્વ અશુદ્ધ જેવા થયા છીએ, અમારા સર્વ પૂણ્યકર્મ મેલા લૂગડાના જેવા છે.

- યશાયાહ ૬૪:૬ અ

'જ્યારે હું નેક માણસને કહું કે તુ નક્કી જીવતો રહેશે; ત્યારે જો તે પોતાની નેકી પર ભરોસો રાખીને પાપ કરે તો તેની નેકીનાં કામોમાંના એકેનું સ્મરણ કરવામાં આવશે નહિ; પણ જે પાપ તેણે કર્યું હશે તેને લીધે જ તે માર્યો જશે.''

- હઝકીએલ ૩૩:૧૩

જેઓ દૈહિક છે તેઓ દેવને પ્રસન્ન કરી શકતા નથી.

- રૂમી ૮:૮

કેમ કે તેની સમક્ષ કોઈ પણ માણસ નિયમ (શાસ્ત્ર પ્રમાણે) ની કરણીઓથી ન્યાયી ઠરશે નહિ.

- રૂમી ૩:૨૦ અ

કોઈ પણ બાબત (નો નિર્ણય) અમારા પોતાનાથી થાય એવા અમે યોગ્ય નથી; અમારી યોગ્યતા દેવ તરફથી છે. - ૨જો કરોથી ૩:૫

તો નિયમથી દેવની આગળ કોઈ પણ માણસ ન્યાયી ઠરતુ નથી એ ખુલ્લું છે; કેમ કે 'ન્યાયી વિશ્વાસથી જીવશે''

- ગલાતી ૩:૧૧

# પાપ આપણને ઈશ્વરથી વિમુખ કરે છે.

તે માટે જેમ એક માણસથી જગતમાં પાપ પેઠું; ને પાપથી મરણ; અને સઘળાએ પાપ કર્યું, તેથી સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો.

- રૂમી ૫:૧૨

પછી દુર્વાસના ગર્ભધરીને પાપને જન્મ આપે છે, અને પાપ પરિપક્વ થઈને મોતને ઉપજાવે છે.

- યાકુબ ૧:૧૫

પણ તમારા અપરાધો તમારીને તમારા દેવની વચમાં ભિન્નતા કરતાં આવ્યા છે, અને તમારા પાપોએ તેનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે, કે તે સાંભળે નહિ - યશાયાહ ૫૯:૨

જે માણસ નેકીમાં સુદ્રઢ છે તે જીવન (સંપાદન કરે છે) પણ ભૂંડું શોધનાર પોતાનું જ મોત (આણે છે) - નીતિ વચન ૧૧:૧૯

'દેવ એમ કહે છે, કે તમે યહોવાહની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને શા માટે પોતાને માથે આફત લાવો છો ? તમે યહોવાહને તજ્યો છે. માટે તેણે તમને તજ્યા છે.' - ૨ કાળવૃતાંત ૨૪:૨૦ બ

'કેમ કે દગો એ જોષ જોવાના પાપ જેવો છે. ને હઠીલાઈ એ દુષ્ટતા તથા મૂર્તિપૂજા જેવી છે. તેં યહોવાહનું વચન નકાર્યું છે. માટે તેણે પણ તેને રાજા તરીકે નકાર્યો છે.' - ૧ શમૂ ૧૫:૨૩ અ

'અને તેઓએ અન્ય દેવોની પાછળ ફરી જઈને જે સર્વ ભૂંડું કર્યું હશે, તેને લીધે હું જરૂર તે દિવસે મારું મુખ તેઓથી સંતાડીશ.

- પુનર્નિયમ ૩૧:૧૮અ

'જે જીવ પાપ કરે તે માર્યો જશે.'

- હઝી કી એલ ૧૮:૨૦ અ

દેવ ન્યાયી ન્યાયાધીશ છે. હા, દેવ રોજ (દુષ્ટો પર) કોપાયમાન થાય છે.

- ગી. શા. ૭ : ૧૧

યાહોવાહ કોપ કરવામાં ધીમો ને મહા પરાક્રમી છે, તે (દોષિતને) કોઈ પણ રીતે નિર્દોષ ગણનાર નથી. - નાહૂમ ૧ :૩ અ

એ કામોને લીધે આજ્ઞા ભંગ કરનારા પર દેવનો કોપ આવે છે' - કોલોસી ૩:૬

કેમ કે જે માણસો દુષ્ટતાથી સત્યને દાબી રાખે છે, તેઓના સર્વ અધર્મીપણા પર તથા દુષ્ટતા પર સ્વર્ગમાંથી દેવનો કોપ પ્રગટ થએલો છે.'

- રૂમી ૧ : ૧૮

તેઓ તો સર્વ પ્રકારના અધર્મીપણાથી, દુરાચારથી લોભથી (તથા) અંટસથી ભરપૂર હતા; (અને વળી) ઈર્ષાથી, હત્યાથી, કલહથી, કપટથી તથા દ્વેષભાવથી ભરપૂર હતા; (વળી) ચૂગલીખોર, નિંદાખોર, દેવદ્વેષી, ઉદ્ધત, અભિમાની, બડાશ મારનારા, પ્રપંચી માતાપિતાની અવજ્ઞા કરનારા, બુદ્ધિહીન, વિશ્વાસઘાતી, કુદરતી મમતાહીન (તથા) નિર્દય હતા : આવા કામ કરનારાઓ મરણને યોગ્ય છે, એવો દેવનો નિયમ જાણ્યા છતાં તેઓ પોતે એ કામ કરે છે એટલું જ નહિ પણ એવાં કામ કરનારાઓને ઉત્તેજન આપે છે.

- રૂમી ૧ : ૨૯-૩૨

તેઓમાંના ભૂંડુ કરનાર દરેક માણસના ઉપર કોપ તથા ક્રોધ, વિપતિ તથા વેદના આવશે.

- રૂમી ૨ : ૯

# ન્યાયનો દિવસ આવનાર છે.

જેમ માણસોને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થએલું છે. - હેબ્રી ૯ : ૨૭

પછી મેં મૂએલાંને, મોટા તથા નાનાં સર્વેને, દેવની સમક્ષ ઉભાં રહેલાં જોયાં; અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું (પુસ્તક) છે તે પણ ઉઘાડવામાં આવ્યું; તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓથી કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતા તેઓને પાછા આપ્યાં; અને મરણે તથા હાડેસે (પણ) પોતાનામાં જેઓ મૂએલાં હતાં, તેઓને પાછાં આપ્યાં; અને દરેકનો ન્યાય તેની કરણીઓ ખાઈમાં નાંખવામાં આવ્યા. અગ્નિની ખાઈ એ જ બીજું મરણ છે. જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાંખી દેવામાં આવ્યો.

- પ્રકટીકરણ ૨૦, ૧૨, ૧૫

જીવતા દેવના હાથમાં પડવું તે ભયંકર છે.

- હેબ્રી ૧૦:૧૩

'વળી હું તમને કહું છું, કે માણસો જે હરેક નકામી વાત બોલશે, તે સંબંધી ન્યાયકાળે તેઓને જવાબ આપવો પડશે.' - માત્થી ૧૨ : ૩૬

કેમ કે દરેક ભલી કે ભૂંડી ગુપ્ત વાત સુદ્ધાં દરેક કામનો દેવ ન્યાય કરશે.' - સભાશિક્ષક ૧૨:૧૪

'એમ જ જગતને અંતે પણ થશે. દૂતો આવીને ન્યાયીઓમાંથી ભૂંડાઓને જુદા પાડશે, અને તેઓને બળતી ભઠ્ઠીમાં ફેંકી દેશે; ત્યાં રડવું અને દાંત પીસવું થશે.' - માત્થી ૧૩:૪૯, ૫૦

યહોવાહની દ્રષ્ટિ સર્વે સ્થળે છે. તે ભલા અને ભૂંડા પર લક્ષ રાખે છે. - નીતિવચન ૧૫:૩

હે યહોવાહ તેં મારી પરીક્ષા કરી છે, અને તું મને ઓળખે છે. મારૂં બેસવું તથા ઊઠવું તું જાણે છે; તું મારો વિચાર વેગળેથી સમજે છે. મારું ચાલવું તથા સૂવું પણ તું તપાસી જુએ છે. તું મારા બધા માર્ગોનો માહિતગાર છે. કેમ કે, હે યહોવાહ, તું મારી જીભની બધી વાતો પૂરેપૂરી જાણે છે.

- ગી. શા. ૧૩૯:૧-૪

'માણસ જેમ જુએ છે તેમ (યહોવાહ જોતો) નથી; કેમ કે માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવાહ હૃદય તરફ જુએ છે.'

- શમૂએલ ૧૬:૭ બ

જે કાનનો ઘડનાર છે, તે શું નહિ સાંભળે ? જે આંખનો રચનાર છે, તે શું નહિ જુએ ?'

- ગી. શા. ૯૪:૯

' કેમ કે તેઓનાં સર્વ માર્ગો તરફ મારી નજર છે; તેઓ મારી આગળ છુપાયેલા નથી, ને તેઓનો અન્યાય મારી આંખોથી ગુપ્ત નથી'

- યિર્મેયાહ ૧૬:૧૭

તેની આગળ કોઈ પણ સૃષ્ટ વસ્તુ ગુપ્ત નથી; પણ જેની સાથે આપણને કામ છે, તેની દ્રષ્ટિમાં સઘળાં નાગાં તથા ઉઘાડાં છે.'

- હેબ્રી ૪:૧૩

'દુષ્કર્મીઓ સંતાઈ શકે એવો કોઈ અંધકાર કે મૃત્યુછાયા નથી.' - અયૂબ ૩૪:૨૨

# પાપથી પાછા ફરવું જરૂરી છે.

"પ્રભુ યહોવાહ કહે છે, શું દુષ્ટના મોતમાં મને કંઈ આનંદ છે ? જો તે પોતાના માર્ગથી પાછો ફરીને જીવતો રહે તો એના કરતાં (હું વિશેષ રાજી) ન થાઉં" - હઝકીયલ ૧૮ : ૨૩

"હું તમને કહું છું કે, ના, પણ જો તમે પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વ તે જ પ્રમાણે નાશ પામશો." - લુક ૧૩ : ૩

"જે માણસ પોતાના ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ, પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે. " - નીતિવચનો ૨૮ : ૧૩

"તો પણ, યહોવાહ કહે છે, તમે તમારા ખરા અંત:કરણથી, તથા ઉપવાસ, રૂદન અને વિલાપસહિત મારી પાસે પાછા આવો, તમારા વસ્ત્રો નહિ પણ તમારાં હૃદયો ફાડો, ને તમારા દેવ યહોવા પાસે પાછા આવો કેમકે તે કૃપાળુ તથા કરૂણાળુ, કોપ કરવામાં ધીમો તથા દયાનો સાગર છે" - યોએલ ૨ -૧૨, ૧૩ અ

"તમારી સાથે શબ્દો લઈને યહોવાની પાસે પાછા આવો તેને વિનંતી કરો કે, "સર્વ પાપ નિવારણ કર, અને જે સારું છે તેનો અંગીકાર કર." - હોશિયા ૧૪ : ૨ અ

"માણસો તરફ જોઈને તે તેમને કહે છે કે, 'મેં પાપ કર્યું છે, મેં સત્યને મરડી નાંખ્યું છે, અને તેથી મને કંઈ લાભ થયો નહિં. (દેવે) મારા પ્રાણને કબરમાં જતાં ઉગાર્યો છે, તેથી મારો જીવ પ્રકાશ જોશે." - અયુબ ૩૩.૨૭, ૨૮

યહોવા મળે છે એટલામાં તેને શોધો, તે પાસે છે એટલામાં તેને હાંક મારો. દુષ્ટ માણસ પોતાનો માર્ગ છોડે, ને અધર્મી માણસ પોતાના વિચારો ત્યજી દે, અને યહોવા પાસે તે પાછો આવે, તો તેના પર કૃપા કરશે, અને આપણા દેવની પાસે (આવે), કેમકે તે સંપૂર્ણ ક્ષમા કરશે - યશાયા ૫૫ ૬, ૭

આશાભંગ થએલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારો છે

- ગીતશાસ્ત્ર ૩૪.૧૮

"... પોતપોતાના દુષ્ટ માર્ગથી ફરે, અને હું તેઓના ... પાપોની ક્ષમા કરું "

- યિર્મીયાહ ૩૬.૩ બ

મેં મારા પાપ તારી આગળ કબૂલ કર્યા છે, અને મારો અન્યાય મેં સંતાડ્યો નથી, મેં કહ્યું કે, "યહોવાની આગળ હું મારા ઉલ્લંઘન કબૂલ કરીશ,". અને તેં મારાં પાપ માફ કર્યાં."

- ગીતશાસ્ત્ર ૩૨ :૫

જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુધ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે.

- ૧ યોહાન ૧ : ૯

"માટે તમે પસ્તાવો કરો, ને ફરો, જેથી તમારાં પાપ ભૂંસી નાંખવામાં આવે." - પ્રે. કૃ. ૩:૧૯ અ

યહોવા દેવ જે બોલે તે હું સાંભળીશ. કેમકે તે પોતાના લોકો તથા પોતાના ભક્તોની સાથે શાંતિની વાત કરશે, પણ તેઓ મૂર્ખાઈ ભણી પાછા ફરી ન જાય - ગીતશાસ્ત્ર ૮૫ : ૮

*પસ્તાવો કરવો એટલે કે પાપથી પાછા ફરવું અને ઈશ્વર આગળ તે કબૂલ કરવું.*

# ઈશ્વર સાથે આપણું સમાધાન થાય તે માટે બલિદાન જરૂરી હતું.

"અને તે દહનીયાર્પણના માથા પર પોતાનો હાથ મૂકે : અને પ્રાયશ્ચિત કરવા તે તેને સારું માન્ય થશે. કેમકે શરીરનો જીવ રક્તમાં છે ; અને વેદી પર (બલિદાન થઈને) તે તમારા આત્માને વાસ્તે પ્રાયશ્ચિત કરે, એ માટે મેં તમને તે આપ્યું છે; કેમ કે રક્તથી જ પ્રાયશ્ચિત થાય છે, કારણ કે તેમાં જીવ છે." - લેવીય ૧ : ૪ ; ૧૭ : ૧૧

નિયમશાસ્ત્ર પ્રમાણે ઘણું કરીને સઘળી વસ્તુઓ રક્તથી શુધ્ધ કરવામાં આવે છે, ને રક્ત વહેવડાવ્યાં વગર પાપની માફી મળતી નથી.

- હેબ્રી ૯ : ૨૨

"હલવાન એબરહિત તથા પહેલા વર્ષનો નર હોવો જોઈએ. ઘરમાં રહો છો તે ઉપરનું રક્ત તમારા લાભમાં ચિન્હરૂપ થશે. હું તે રક્ત જોઈને તમને ટાળી મૂકીશ. ને તમારો વિનાશ કરવાને તમારા પર મરકી આવશે નહિં "

- નિર્ગમન ૧૨.૫ અ, ૧૩ અ

અને તેણે કહ્યું, " જો, અગ્નિ તથા લાકડાં તો છે, પણ દહનીયાર્પણને સારું ઘેટું ક્યાં છે "? અને ઈબ્રાહીમે કહ્યું, "મારા દીકરા દહનીયાર્પણને વાસ્તે દેવ પોતાને સારું ઘેટું મેળવશે. અને ઈબ્રાહીમે આંખો ઊંચી કરીને જોયું, ને જુઓ, પછવાડે એક ઘેટો ઝાડીમાં શિંગડાએ ભરાયેલો હતો, અને ઈબ્રાહિમ જઈને તે ઘેટાને લાવ્યો, ને પોતાના દીકરાને બદલે તેનું દહનાર્પણ કર્યું.

- ઉત્પતિ ૨૨ : ૭ બ - ૮ અ, ૧૩.

બીજે દહાડે યોહાન પોતાની પાસે ઈસુને આવતો જોઈને કહે છે કે, "જુઓ, દેવનું હલવાન. કે જે જગતનું પાપ હરણ કરે છે !

- યોહાન ૧ : ૨૯

અને યહોવાહે તેના પર આપણા સર્વના પાપ (નો ભાર) મૂક્યો છે." "તેના પર જુલમ ગુમરવામાં આવ્યો તો પણ તેણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડયું નહિં : હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેના જેવો અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે, તેના જેવો તે હતો, તેણે તો પોતાનું મોં ઉઘાડયું જ નહિં."

- યશાયાહ ૫૩ : ૬ બ, ૭

બકરાના તથા વાછરડાના રક્તથી નહિ, પણ પોતાના જ રક્તથી, (માણસોને સારું) સનાતન ઉધ્ધાર મેળવીને પરમપવિત્ર સ્થાનમાં એકજ વખત ગયો હતો. પણ હવે છેલ્લા કાળમાં પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે તે એક જ વખત પ્રગટ થયો. તેમ ખ્રિસ્તે ઘણાંઓનો પાપ માથે લેવા સારું એક જ વાર બલિદાન આપ્યું.

- હેબ્રી ૯ : ૧૨, : ૧૨, ૨૬ બ, ૨૮ અ

કેમકે તમે જાણો છો કે વિનાશી વસ્તુઓ વડે, એટલે રૂપ અથવા સોના વડે, નહિ; પણ ખ્રિસ્ત, જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે, તેના મૂલ્યવાન રક્તથી, તમારો ઉધ્ધાર કરવામાં આવ્યો છે. - ૧ લો પીતર ૧ : ૧૮ અ, ૧૯

તો ખ્રિસ્ત, જેણે સનાતન આત્માથી પોતાના પંડનું દોષ વગરનું બલિદાન દેવને આપ્યું, તેનું રક્ત તમારા હ્રદયને જીવતા દેવને ભજવા સારું નિર્જીવ કામોથી કેટલું બધું વિશેષ શુધ્ધ કરશે ?

- હેબ્રી ૯ : ૧૪

(પણ) ઈસુ ખ્રિસ્તથી જે ઉધ્ધાર છે, તેની મારફતે (દેવની) કૃપાખી તેઓ વિનામૂલ્ય ન્યાયી ગણાય છે. દેવે તેને તેના રક્ત પરના વિશ્ર્વાસથી પ્રાયશ્ર્ચિત થવા સારું કરાવ્યો. - રૂમી ૩.૨૪, ૨૫ અ

પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્તી આપણે સારું મરણ પામ્યો. એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. ત્યારે આપણને હમણાં તેના રક્તથી ન્યાયી કરાવવામાં આવ્યા છે. માટે તેની મારફતે (દેવના) કોપથી બચીશું તે કેટલું બધું ખાત્રીપૂર્વક છે! - રૂમી ૫ ૮,૯

"તો પણ માણસ નિયમ (શાસ્ત્ર પ્રમાણે) ની કરણીઓથી ન્યાયી કરતું નથી, પણ કેવલ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્ર્વાસથી (ઠરે છે). એ જાણીને આપણે પણ ઈસુ ખ્રિસ્ત પર વિશ્ર્વાસ રાખ્યો." - ગલાતી ૨, ૧૬ અ

કેમકે તમે કૃપાથઈ વિશ્ર્વાસ દ્વારા તારણ પામેલા છો ; અને એ તમારાથઈ નથી, એ તો દેવનું દાન છે : કરણીઓથી નહિ. રખેને કોઈ અભિમાન કરે. - એફેસી ૨, ૮, ૯

"તેને વિષે સઘળા પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેના પર વિશ્ર્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." - પ્રે. કૃ. ૧૦, ૪૩

"બીજા કોઈથી તારણ નથી; કેમકે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." - પ્રે. કૃ ૪, ૧૨

"એનામાં, એના લોહી દ્વારા. તેની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉધ્ધાર એટલે પાપની માફી મળી છે." - એફસી. ૧,૭

ગાબ્રીએલ દૂતને નાઝારેથ નામે ગાલીલના એક શહેરમાં એક કુમારિકા પાસે દેવ તરફથી મોકલવામાં આવ્યો. દાઈદના વંશના. યુસુફ નામે, એક પુરુષ જોડે તેની સગાઈ થઈ હતી; તે કુમારિકાનું નામ મરિયમ હતું. દૂતે તેને કહ્યું, કે "હે મરિયમ, બી માં, કેમકે તું દેવથી કેમકે તું દેવથી કૃપા પામી છે. જો. તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે. તે મોટો થશે. ને પરાત્પરનો દીકરો કહેવાશે.. ને તેના રાજ્યનો અંત આવશે નહિ." મરિયમે દૂતને કહ્યું, કે "એ કેમ કરીને થશે? કેમકે મેં કોઈ પુરુષને જાણ્યો નથી." દૂતે તેને ઉત્તર આપ્યો, કે "પવિત્રઆત્મા તારા પર આવશે. ને પરાતપરનું પરાક્રમ નારા પર આચ્છાદન કરશે; માટે જે (તારા થી) જનમશે તે પવિત્ર, દેવનો દીકરો, કહેવાશે. કેમકે દેવ પાસેથી (આવેલું) કોઈ પણ વચન પરાક્રમ વગરનું નહિ થશે."

મરિયમે તેને કહ્યું, કે "જો, હું પ્રભુની દાસી છું, તારા કહ્યા પ્રમાણે મને થાઓ." ત્યારે દૂત તેની, પાસેથી ગયો. - લૂક ૧, ૨૬ બ - ૩૮

*આદમ અને ઈસુ ખ્રિસ્ત માત્ર આ બે જ વ્યક્તિ શારિરીક સમાગમ વગર આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે. આદમ થકી આ પૃથ્વી પર પાપ પ્રવેશ્યું, પણ ઈસુ ખ્રિસ્ત થકી પાપ પર વિજય પ્રાપ્ત થયો.*

# ઈસુ ખરેખર કોણ છે.

ખ્રિસ્ત ઈસુ પોતે દેવના રૂપમાં છતાં, તેણે દેવ સમાન હોવાનું પકડી રાખવાને ઈચ્છુ નહિ. પણ તેણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો, અને માણસના આકારમાં પ્રગટ થઈને મરણને. હા, વધસ્તંભના મરણને, આધીન થઈને, પોતાને નમ્ર કર્યો.

- ફિલિપી ૨, ૫, ૮

"હું તથા બાપ એક છીએ. તો જેને બાપે અભિષિક્ત કરીને જગતમાં મોકલ્યો, તેણે કહ્યું, કે, હું દેવનો દીકરો છું, તો શું તમે તેને એમ કહો છો કે 'તું દુર્ભાષણ કરે છે.?" - યોહાન ૧૦, ૩૦, ૩૬

*ઈસુ ખ્રિસ્ત, શાશ્વત શબ્દ, અનાદી છે. ચમત્કાર દ્વારા. મરિયમની કૂખે દેવે તેને જન્માવ્યો. દૈહિક રીતે તેને માણસનો દિકરો કહેવામાં આવે છે, અને આત્મિક રીતે તે દેવનો દિકરો ગણાય છે. પવિત્ર શાસ્ત્રમાં "દિકરો" શબ્દ વપરાયો છે જેથી ઈશ્વર અને તેના શબ્દ - ઈસુ ખ્રિસ્ત વચ્ચે જે સંબંધ છે તે સમજાવી શકાય.*

એ માટે જગતમાં આવતાં જ તે કહે છે... પણ મારે સારુ તે શરીર તૈયાર કર્યું છે. - હેબ્રી ૧૦, ૫

પણ પવિત્ર આત્માને પ્રતાપે મૂએલાંમાંથી પાછો ઊઠવાથી પરાક્રમમાં દેવનો દીકરો કર્યો છે

- રૂમી ૧, ૪

થોમાએ ઉત્તર આપ્યો, કે "મારા પ્રભુ, અને મારા દેવ." - યોહાન ૨૦, ૨૮

બેશક સતધર્મનો મર્મ મોટો છે: તે મનુષ્ય સ્વરૂપમાં પ્રગટે થયો.

- ૧ લો તીમાંથી ૩, ૧૬ અ

કેમકે (ખ્રિસ્ત) માં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે. - કોલોસી ૨, ૯

કેમકે આપણે સારું છોકરો અવતર્યો છે. આપણને પુત્ર આપવામાં આવ્યો. તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદભુત મંગી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવેશે." - યશાયાહ ૯, ૬

ઈસુએ તેઓને કહ્યું, "....ઈબ્રાહીમનો જન્મ થયા પહેલાંનો હું છું." - યોહાન ૮ : ૫૮

તેમનું જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું. ખરું અજવાળું તે જે જગતમાં હતો, અને જગત તેનાથી પ્રકાશ આપે છે. તે જગતમાં હતો, અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું, તો પણ જગતે તેને ઓળખ્યો નહિં.

- યોહાન ૧ : ૪, ૯ - ૧૦

કેમકે દેવ એક જ છે, અને દેવ તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ. જેણે સઘળાં માણસોના ઉધ્ધારને સારું પોતાનું સ્વર્પણ કર્યું.

- ૧ લો તેમાંથી ૨ : ૫, ૬ અ

તેનામાં આપણને ઉધ્ધાર, એટલે પાપોની માફી છે. "તે અદ્રશ્ય દેવની પ્રતિમા છે."

- કોલોસી ૧ : ૧૪, ૧૫ અ.

કેમકે ભવિષ્ય વચન માણસની ઈચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો દેવનાં વચન બોલ્યાં. - ૨પીત્તર ૧ : ૨૧

જગતના આરંભથી થતા આવેલા પવિત્ર પ્રબોધકોનાં માંથી તેણે જે કહ્યું હતું તે પ્રમાણે. ....... તેના લોકના પાપની માફી મળવાથી જે તારણ છે, તેનું જ્ઞાન તું તેઓને આપે.

- લૂક ૧ : ૬૯,૭૭

"યહોવાહનો આત્મા મારી મારફતે બોલ્યો, અને તેનું વચન મારી જીભ પર હતું.

- ૨ શમૂએલ ૨૩:૨

"અને આ જે વચનો હું આજે તને ફરમાવું છું તે તારા અંત:કરણમાં (ઠસી) રહે."

- પુનર્નિયમ ૬:૬

દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે.

- ૨ તીમોથી ૩:૧૬

કેમ કે જેટલું અગાઉ લખવામાં આવ્યું હતું તે આપણને શિખામણ (મળવા)ને માટે લખવામાં આવ્યું હતું, ક ધીરજથી તથા પવિત્ર શાસ્ત્રમાંના દિલાસાથી આપણે આશા રાખીએ. - રૂમી ૧૫:૪

"ધર્મલેખો તથા દેવનું પરાક્રમ નહિ જાણ્યાને લીધે તમે ભૂલ ખાઓ છો." - માતથી ૨૨:૨૯બ

સર્વ કરતાં તેં તારા નામનું માહાત્મ્ય વધાર્યું છે.

- ગી. શા. ૧૩૮:૨ બ

**તેણે રક્તથઈ છંટાએલો ઝભ્ભો પહેરેલો છે; તેનું નામ દેવનો શબ્દ છે.- પ્રકટીકરમ ૧૯ : ૧૩**

આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો. "શબ્દ સહેદ થઈને આપણામાં વસ્યો. - યોહાન ૧: ૨, ૧૪ અ

**ઈસુ ઈશ્વરને પ્રગટ કરે છે.**

દેવને કોઈ માણસે કદી દીઠો નથી: એકાકીજનિત દીકરો, કે જે બાપની ગોદમાં છે, તેણે તેને પ્રગટ કર્યો છે. - યોહાન ૧: ૧૮

કેમકે જે દેવે અંધારામાંથઈ અજવાળાને પ્રકાશવાનું ફરમાવ્યું. તેણે આપણા હ્રદયમાં પ્રકાશ પાડયો છે, કે જેથઈ તે ઈસુ ખ્રિસ્તના મોં પર દેવનો જે મહિમા છે તેના જ્ઞાનનો પ્રકાશ પાડે,

- ૨ કરોડ થી ૪, ૬

**ઈસુના મુખે ઈશ્વર વાત કરે છે.**

પ્રાચીન કાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજોની સાથે દેવ અનેક વાર તથા અનેક પ્રકારે બોલ્યો, તે આ છેલ્લા સમયમાં પુત્ર, કે જેને તેણે સઘળાંનો વારસ ઠરાવ્યો, અને વળી જેના વડે તેણે જગતોને ઉત્પન્ન કર્યા; તે દ્વારા આપણી સાથે બોલ્યો. - ૧: ૧,૨,

"જે મારા પર પ્રેમ રાખતો નથી તે મારા વચન પાળતો નથી; અને જે વચન તમે સાંભળો છો તે મારું નથી, પણ બાપ જેણે મને મોકલ્યો છે તેનું છે." - યોહાન ૧૪ : ૨૪

# લેખિત અને જીવંત વચન વચ્ચે સરખામણી

**બાઈબલ આત્માનો ખોરાક છે.**

મારા આવશ્યક ખોરાક કરતાં તેના મુખના શબ્દો મેં વિશેષ આવશ્યક ગણીને તેને સંઘરી રાખ્યા છે. - અયુબ ૨૩ : ૧૨ બ

માણસ એકલી રોટલીથી નહિ. પણ હરેક શબ્દ જે દેવના મોંમાથી નીકળે છે. તેથી જીવશે.

- માત્થી ૪ : ૪ બ

**બાઈબલ આપણા માર્ગમાં અજવાળુ પાથરે છે.**

મારા પગોને સારું તારું વચન દાવારુપ છે, તે મારા માર્ગને સારું અજવાળા રૂપ છે.

- ગી. શા. ૧૧૯: ૧૦૫

તારા વચનોનો ખુલાસો પ્રકાશ આપે છે, તે ભોળાને સમજણ આપે છે.

ગી. શા. ૧૧૯ : ૧૩૦

**ઈસુ સ્વર્ગમાંથી ઉતરેલી રોટલી છે**

જે જીવતી રોટલી આકાશમાંથી ઉતરી છે તે હું છું; જો કોઈ એ રોટલી ખાય, તો તે સદા જીવતો રહેશે; વળી જે રોટલી હું આપીશ તે મારું માંસ છે, તે જગતના જીવનને સારું (હું આપીશ.)" હું જીવનની રોટલી છું."

- યોહાન ૬ : ૫૧, ૪૮

**ઈસુ જગતનું અજવાળુ છે.**

તેનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું. ઈસુએ ફરી તેઓને કહ્યું, કે "જગતનું અજવાળું હું છું, જે મારી પાછળ આવે છે, તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે," - યોહાન ૧:૪ ૮:૧૨

## બાઈબલ ફળવંત જીવન બક્ષે છે.

પણ યહોવાહના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે; અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે.

વળી તે નદી પાસે રોપાયેલા ઝાડના જેવો થશે, જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે, અને જેનાં પાંદડી કદીપણ ચીમળાતાં નથી; વળી જે કંઈ તે કરે તે સફળ થાય છે. - ગી. શી. ૧: ૨,

"તમે શાસ્ત્ર તપાસી જુઓ છો, કેમકે તેઓથી તમને અનત જીવન છે, એમ તમે ધારો છો; અને મારે વિષે શાહેદી આપનાર તે એ જ છે, કેમકે જો તમે મુસા પર વિશ્વાસ કર્યો હોત, તો તમે મારા પર પણ વિશ્વાસ કરત ; કેમકે તેણે મારા વિષે લખેલું છે." - યોહાન ૫ : ૩૯, ૪૬

## શાસ્ત્રમાં ઈસુ ખ્રિસ્ત વિશે લખવામાં આવ્યુ છે

### ઈસુ ફળવંત જીવન બક્ષે છે.

"તમે મારામાં રહો, ને હું તમારામાં (રહીશ. જેમ ડાળી વેલામાં રહ્યા વિના પોતાની મેળે ફળ આપી નથી શકતી, તેમ તમે પણ મારામાં રહ્યા વિના (ફળ) આપી શકતા નથી. હું તો ખરો દ્રાક્ષાવેલો છું, ને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે. અને હું તેનામાં તે જ ઘણા ફળ આપે છે; કેમકે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી." - યોહાન ૧૫ : ૪,૫

પછી મુસાથી તથા સઘળા પ્રબોધકોપી માંડીને તેણે બધા ધર્મલેખોમાંથી પોતાના સબંધની વાતોનો ખુલાસો કરી બતાવ્યો - લુક ૨૪: ૨૭

# દેવનો શાશ્વત શબ્દ અફર છે.

હે યહોવાહ, તારું વચન આકાશમાં સદા સ્થિર છે. - ગીત શાસ્ત્ર ૧૧૯: ૮૯

તારુ વચન અથથી તે ઈતિ સુધી સત્ય છે, તારાં સર્વ ન્યાયવચનો સહાકાળ (ટકનારા) છે.

ગીત શાસ્ત્ર ૧૧૯ : ૧૬૦

"ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચીમળાય છે; પણ આપણા દેવનું વચન સર્વકાળ સુધી કાયમ રહેશે."

- યશાયાહ ૪૦ : ૮

"આકાશ તથા પૃથ્વી જતાં રહે ત્યાં સુધી સઘળાં પૂરાં થયા વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ."

- માત્થી ૫ : ૧૮ બ

શાસ્ત્રનો ભંગ થતો નથી

- યોહાન ૧૦ : ૩૫ બ

માણસે બાઈબલમાં કોઈજ ફેરફાર કરવો નહિ.

"જે જે વિષે હું તમને આજ્ઞા આપું છું તો તે તમારે કાળજી રાખીને કરવું; તારે તેમાં કંઈ વધારો કે ઘટાડો કરવો નહિ," - પુનર્નિયમ ૧૨ : ૩૨

તેનાં વચનો માં તું ઉમેરો ન કર. રખેને તે તને ઠપકો દે, અને તું જૂઠો કરે.

- નીતિવચનો ૩૦ : ૬

વળી જો કોઈ આ ભવિષ્યવચનના પુસ્તકમાંથી કંઈ પણ કાઢી નાખશે, તો દેવ તેનો ભાગ જીવનના આ પુસ્તકમાં જે જે લખેલું છે, તેમાંથી કાઢી નાખશે." - પ્રકટીકરણ ૨૨: ૧૯ અ

વચનને તુચ્છ ગણનારનો નાશ થાય છે.

- નીતિવચનો ૧૩ :૧૩ અ

"બાપ મારા પર પ્રેમ કરે છે, કારણ કે હું મારો જીવ આપું છું કે હું તે પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું, તે આપવાનો મને અધિકાર છે અને તે પાછઈ લેવાનો પણ મને અધિકાર છે."

- યોહાન ૧૦ : ૧૭,૧૮ અ

ઈસુએ તેને ઉત્તર આપ્યો કે "ઉપરથી તને અપાયા વગર મારા પર તને કંઈપણ અધિકાર ન હોત." - યોહાન ૧૯ : ૧૧ અ

"શું તું એવું ધારે છે કે હું એવો શક્તિમાન નથી કે જો મારા બાપની પાસે માંગુ, તો તે હમણાં જ દૂતોની બાર ફોજ કરતાં વધારે મારી પાસે નહિ મોહલી દે ? તો ધર્મલેખો (માં જે લખેલું છે.) કે એવું થવું જ જોઈએ, તે કેવી રીતે પૂરૂ થશે"?

- માત્થી ૨૬ : ૫૩, ૫૪

"પણ દેવે બધા પ્રબોધકોના મુખદ્વારા આગળથી જે કહ્યું હતું કે, તેનો ખ્રિસ્ત દુઃખ સહેશે, તે એ રીતે તેહો પૂર્ણ કર્યું."

- પ્રેરિતોના કૃત્ય ૩ : ૧૮

"દેવના સંકલ્પ તથા પૂર્વજ્ઞાન પ્રમાણે તેને પરસ્વાધીન કરવામાં આવ્યો, તેને તમે પકડીને દુષ્ટોની હસ્તક વધસ્તંભે જડાવીને મારી નાંખ્યો"

- પ્રે. કૃ ૨ : ૨૩

તો પણ યહોવાની મરજી તેને કરરવાની હતા;..... તેના આત્માનું દોષાર્થા પણે થશે ત્યારે તે પોતાનાં સંતાન જોશે. - યશાહા ૫૩ : ૧૦ અ

"શું ખ્રિસ્તે એ બધું સહેવું અને પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું?" - લુક ૨૪ : ૨૬

તેની સાથે તેઓએ બે લૂંટારને વધસ્તંભ જડ્યા, એકને તેની જમણી તરફ, બીજાને તેની ડાબી તરફ. 'તે અપરાધીઓમાં ગણાયો'. એવું જે શાસ્ત્રવચન તે પુરૂ થયું.

- માર્ક ૫:૨૭,૨૮

એથી સિપાઈઓએ આવીને તેની સાથે વધસ્તંભે જડાયેલા પહેલાનાં તથા બીજાના પગ ભાંગ્યા, પણ જ્યાપે તેઓ ઈસુની પાસે આવ્યા ત્યાપે તેઓએ તેને મરણ પામેલો જોઈ તેનાં પગ ભાંગ્યા નહિ. તો પણ એક સિપાઈએ ભાલાથી તેની કૂંક વીંધી. એટલે તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં.......

'તેનું એકપણ હાડકું ભાંગવામાં આવશે નહિ.' એ શાસ્ત્રવચન પૂર્ણ થવા સારું એમ બન્યું; વળી બીજું શાસ્ત્રવચન છે કે, 'જેને તેઓએ વીંધયો તેને તેઓ જોશે.

- યોહન૧૯:૩૨ થી ૩૭

અને છઠ્ઠી હોરાથી તે નવમી હોશ સુધી આખા દેશ પર અંધકાર છવાઈ રહ્યો. પછી ઈસુએ બીજીવાર મોટે ઘાંટે બૂમ પાડીને પ્રાણ મૂક્યો....

કાંપીને ખડકો ફાટી ગયા. ત્યારે જમાદાર તથા તેની સાથે જેઓ ઈસુની ચોકી કરતા હતા તેઓએ ધરતીકંપ તથા જે જે થયું તે જોઈને બહુ બીહીને કહ્યું કે 'ખરેખર એ દેવનો દીકરો હતો.'

- મા ૮ થી ૨૭; ૪૫, ૫૦, ૫૧, ૫૪.

'તેને દેવ મરણનો વેદનાથી છોડાવીને ઉઠાડ્યો; કેમકે તેનાથી તે બંધાઈ રહે એ અશક્ય હતું. એ ઈસુને દેવે ઊઠાડ્યો છે, અને તે વિષે અમે સર્વ સાક્ષી છીએ.' - પ્રે.કૃ. ૨ ; ૨૪, ૩૨

તો છોકરાં માંસ તથા લોહીના ઝ્બનેલાંઝ હોય છે, માટે તે પણ તે જ રીતે તેઓનો ભાગીદાર થયો; કે જેતી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો, નાશ કરે.; અને મરણની બીકથી જેઓ આખા જીવનપર્યંત દાસત્વમાં હતા તેઓને મુક્ત કરે

- હેબ્રી ૨: ૧૪, ૧૫

'અરે મરણ, તારો જય ક્યાં ?. અરે મરણ, તારો ડંખ ક્યાં ?.' પણ દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તદ્વારા આપણને જય આપે છે, તેને ધન્યવાદ હો. - ૧ હોર્શેથી ૧૫ : ૫૫, ૫૭

'અને હું જીવંત છું; હું મૂઓ પણ હતો, અને જુઓ, સદાકાળ જીવતો છું; અને મરણ તથા હાડેસની કૂચીઓ મારી પાસે છે.'

- પ્રકટીકરણ ૧: ૧૮

ઈસુના પ્રગટ થવાથી તે હમણાં પ્રસિધ્ધ થયેલી છે; તેણે મરણને નાબૂદ કર્યું અને સુવાર્તાદ્વારા જીવન તથા અમરપણું પ્રગટ કર્યું છે.

- ૨તીમાંથી ૧: ૮બ, ૧૦

તેના પર અધિકાર નથી.

- રૂમી ૬: ૯બ

# ઈસુ પ્રત્યે આપણી ફરજ કઈ છે ?

'જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે.' - પ્રકટીકરણ ૩ ૧ ૨ ૦

પણ જે માણસ પોતે કરેલાં કામ પર નહિ, પણ અધર્મીને ન્યાયી ઠરાવનાર પર વિશ્વાસ કરે છે. તેનો વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણવામાં આવ્યો છે. - રૂમી ૪: ૫

'તમે પવિત્રઆત્મા પામો. તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે'

- યોહાન ૨૦: ૨૨બ, ૧૬: ૨૪બ

જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને દેવે તેને મૂએલાંમાંથી પાછો ઊઠાડ્યો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ. - રૂમી ૧૦:૯

'મારા કરતાં જે બાપ અથવા મા પર વત્તી પ્રીતિ કરે છે તે મારે યોગ્ય નથી.' પછી ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, 'જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, ને પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે; પણ જે કોઈ મારે લીધે પોતાનો જીવ ખોશે; તે તેને બચાવશે'

- માત્થી ૧૦: ૩૭અ, ૧૬: ૨૪, ૨૫

અને જો તમે ખ્રિસ્તીના છો, તો તમે ઈબ્રાહીમના સંતાન. અને વચન પ્રમાણે વારસ પણ છો. - ગલાતી ૩: ૨૯

તેઓએ તેને કહ્યું, કે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરના સર્વ માણસો તારણ પામશે.' - પ્રે. કૃ. ૧૬: ૩૧

એ સાક્ષી એવી છે કે દેવે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે." "જેને દેવનો પુત્ર છે તેને જીવન છે; જેને દેવનો પુત્ર નથી, તેને જીવન નથી." - ૧લો યોહાન ૫ :૧૧,:૧૨

પણ દેવ જે કરુણાથી ભરપૂર છે......

આપણે પાપમાં મૂએલા હતા ત્યારે તેણે ખ્રિસ્તની સાથે આપણને સજીવન કર્યા.

(એફેસીર ૨:૪, ૫ અ)

"હું ખ્રિસ્તની માથે વધસ્તંભને જડાયો; પરંતુ હું જીવું છું; તો પણ હવેથી હું નહિં, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે; અને હવે દેહમાં જે મારું જીવન જે દેવના દીકરા પરના વિશ્વાસથી જ છે; તેણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે સારું પોતાનું અર્પણ કર્યું." - ગલાતી ૨:૨૦

કેમકે ખ્રિસ્ત ઈસુમાં જીવનના આત્માને જે નિયમ છે તેણે મને પાપના તથા મરણના નિયમથી મુક્ત કર્યો છે. - રૂમી ૮:૨

માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ જ્ઞછેઝ : જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે. - ૨કોરોથી ૫:૧૭

કેમકે વિનાશી બીજથી નહિ, પણ અવિનાશીથી, દેવના જીવંત તથા સદાકાળ રહેનાર વચન વડે, તમને પુર્નજન્મ આપવામાં આવ્યો છે.

- ૧ પીતર ૧:૨૩

નવાં જન્મેલાં બાળકોની પેઠે નિષ્કપટ આત્મિક દૂધની ઈચ્છા રાખો કે તે વડે તમે વૃદ્ધિ પામો.

- ૧ પિતર ૨:૨

# ઈશ્વર તેના લોકોના પિતા છે.

અનાથનો પિતા, અને વિધવાઓનો ન્યાયાધીશ, એવો ઈશ્વર પોતાના પવિત્ર સ્થાનમાં છે.

- ગી.શા. ૬૮:૫

હે યહોવાય, હવે તું અમારો પિતા છે; અમે માટી, ને તું અમારો કુંભાર; અમે સર્વ તારા હાથની કૃતિ છીએ. તું અમારો પિતા છે; હે યહોવાહ તું અમારો બાપ છે ; પ્રાચીન કાળથી અમારો ઉદ્ધાર કરનાર એ જ તારું નામ છે.

- યશાયહ ૬૪:૮; ૬૩:૧૬બ

"તેમને એવું કહેવામાં આવ્યું હતું, કે તમે મારા લોક નથી, તેને બદલે તેમને એમ કહેવામાં આવશે, કે તમે જીવતા દેવનાદીકરોઓ છો."

- હોશીઆ ૧:૧૦ બ

"તે માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે" ? માટે તમે આ પ્રમાણે પ્રાર્થના કરો : ઓ આકાશમાંના અમારા બાપ, તારું નામ પવિત્ર મનાઓ."

- માન્થી ૭:૧૧, ૬:૯

"હું તમારો અંગીકાર કરીશ." અને તમારો પિતા થઈશ, અને તમે મારાં દીકરા દીકરીઓ થશો, એમ સર્વશક્તિમાન પ્રભુ કહે છે."

- ૨ કોરોથી- ૬:૧૭બ,૧૮

કેમકે જેટલા દેવના આત્માથી દોરાય છે, તેટલા દેવના દીકરા છે.

- રૂમી ૮:૧૪

ઈસુ તેને કહે છે, કે "માર્ગ તથા સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી. તમે મને જો ઓળખત તો મારા બાપને પણ ઓળખત; હવેથી તમે તેને ઓળખો છો અને તેને જોયો છે. જો કોઈ મારા પર પ્રેમ રાખતો હશે તો તે મારું જીવન પાળશે; અને મારો બાપ તેના પર પ્રેમ રાખશે, અને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું."

- યોહાન ૧૪:૬, ૭, ૨૩ બ

દેવે પોતાનો પુત્ર મોકલ્યો કે તેથી આપણે તેના પુત્રો તરીકે ગણાઈએ. અને તમે પુત્રો છો, એ માટે દેવે આપણાં હૃદયમાં પોતાના પુત્રનો આત્મા મોકલ્યો છે, જે "આબ્બા , બાપ" એમ કહીને હાંક મારે છે. એ સારું હવેથી તું દાસ નથી, પણ પુત્ર છે; અને જો તું પુત્ર છે, તો દેવને આશરે વારસ પણ છે." કેમકે તમે બધા ખ્રિસ્ત પરના વિશ્વાસથી દેવના દીકરા છો.

- ગલાતી ૪, ૪બ, ૫બ, ૭:૩:૨૬

પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે , તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો.

- યોહાન ૧:૧૨

જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઈસુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે.

(૧. યોહાન ૨:૧)

કેમકે તે દ્વારા એક આત્મા વડે આપણ બન્ને બાપની હજૂરમાં જવા પામીએ છીએ.

- એફેસીર ૨:૧૮

# ઈસુ પ્રેમ, આનંદ, શાંતિ આપે છે.

જે પ્રેમ કરતો નથી, તે દેવને ઓળખતો નથી; કેમકે દેવ પ્રેમ છે. પ્રેમમાં રહે છે તે દેવમાં ને દેવ તેનામાં રહે છે. - ૧ યોહાન ૪:૮,૧૬ બ

પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરૂણાળુ થાઓ, અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તેમ એકબીજાને ક્ષમા કરો - એફેસી ૪:૩૨

"જો તમે એકબીજા પર પ્રેમ રાખો, તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો."

- યોહાન ૧૩:૩૫

પણ જ્પવિત્રઝ આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, - ગલાતી ૫:૨૨અ

તો પણ હું યહોવાહમાં હર્ષ પામીશ, હું મારા મોક્ષદાતા દેવમાં કરીશ. - હબાક્કૂક ૩:૧૮

તું મને જીવનનો માર્ગ જણાવશે; તારી સંમુખ સંપૂર્ણ આનંદ છે; તારા જમણા હાથમાં અનંતકાળ ટકાનારાં સુખદાયક વાનાં છે. - ગી.શા. ૧૬:૧૧

ત્યારે આપણને વિશ્વાસથી ન્યાયી કરાવવામાં આવ્યા છે, તેથી આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવની સાથે સમાધાન પામીએ છીએ.

- રૂમી ૫:૧

"હું તમને શાંતિ આપીને જાઉં છું. મારૂ શાંતિ હું તમને આપું છું; જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારા હ્રદયોને વ્યાકુળ થવા ન દો, અને બીવા પણ ન દો." - યોહાન ૧૪:૨૭

અને દેવની શાંતિ...... ખ્રિસ્ત ઈસુમાં તમારા હ્રદયોની તથા મનોની સંભાળ રાખશે.

- ફિલિપ ૪:૭

જેણે ઈસુને મૂએલામાંથી ઉઠાડ્યો, તેનો આત્મા જો તમારામાં વસતો હોય, તો જેણે ખ્રિસ્ત ઈસુને મૂએલામાંથી ઉઠાડ્યો, તમારામાં વસનાર પોતાનાં આત્માની મારફતે તમારાં મર્ત્ય શરીરોને પણ સજીવન કરશે. - રૂમી ૮:૧૧

દેવે પ્રભુને ઉઠાડ્યો, તેમજ પોતાના સામર્થ્યથી તે આપણને પણ ઉઠાડશે. - ૧ કોરોથી ૬:૧૪

"કેમકે મારા બાપની ઈચ્છા એ છે, કે જે કોઈ દીકરીને જોઈને તેના પર વિશ્વાસ કરશે, તેને અનંતજીવન મળશે; અને છેલ્લે દહાડે હું તેને પાછો ઉઠાવીશ.;" - યોહાન ૬:૪૦

ઈસુએ તેને કહ્યું, કે "પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે. અને જે કોઈ જીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરશે નહિ જ." - યોહાન ૧૧:૨૫, ૨૬ અ

કેમકે માણસ દ્વારા મરણ થયું, માટે માણસ દ્વારા મૂએલાનું પુનરૂત્થાન પણ થયું. પણ દરેકને પોતપોતાને અનુક્રમે: ખ્રિસ્ત પ્રથમફળ: ત્યાર પછી જેઓ ખ્રિસ્તના છે તેઓને તેના આવવાની વેળાએ જ્સજીવન કરવામાં આવશે.ઝ

- ૧ કોરોથી ૧૫:૨૧,૨૩

"હું જીવું છું. માટે તમે પણ જીવશો."

- યોહાન ૧૪:૧૯ બ

હવે જો આપણે ખ્રિસ્તની સાથે મૂઆ, તો આપણને વિશ્વાસ છે કે તેની સાથે જીવીશું પણ ખરા. - રૂમી ૬:૮

# આ મહાન તારણ પ્રત્યે બેદરકાર ન બનો.

જે કોઈ મુસાના નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન કરતો તેના પર દયા રાખવામાં આવતી નહોતી, પણ બે કે ત્રણ સાક્ષી પરથી તેને મોતની શિક્ષા થતી; તો જેણે દેવના પુત્રને પગ તળે છૂંદ્યો છે, ને કરારના જે રક્તથી પોતે પવિત્ર થયો હતો તેને અશુદ્ધ ગણ્યું છે. અને કૃપાના આત્માનું અપમાન કર્યું છે, તે કેટલી બધી સખત સજાને પાત્ર ગણાશે. તે વીષે તમે શું ધારો છો ? - હેબ્રી ૧૦:૨૮, ૨૯

"જે મારો ઈન્કાર કરે છે, અને મારી વાતો માનતો નથી તેનો ન્યાય કરનાર એક છે ; જે વાત મેં કહી છે, તે જ છેલ્લે દહાડે તેનો ન્યાય કરશે."

- યોહાન ૧૨:૪૮

"મારા મિત્રો, હું તમને કહું છું, કે જેઓ શરીરને મારી નાખે, અને તે પછી બીજું કંઈ કરીન શકે, તેઓથી બીહોમા, પણ તમારે કોનાથી બીવું તે વિષે હું તમને ચેતવણી આપીશ; મારી નાંખ્યા પછી નરકમાં નાખી દેવાનો જેને અધિકાર છે તેનાથી બીહો, હા, હું તમને કહું છું, કે તેનાથી બીહો."

- લુક ૧૨:૪,૫,

તો આપણે એવા મહાન તારણ વિષે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું ? - હેબ્રીર : ૩અ.

"દીકરાનું જે નથી માનતો, તે જીવન નહિ દેખશે, પણ તેના પર દેવનો કોપ રહે છે."

- યોહાન ૩:૩૬ બ

"કેમકે તેણે એક દિવસ નિર્માણ કર્યો છે કે જે દિવસે પોતાના નીમેલા માણસ દ્વારા જગતનો ઈન્સાફ કરશે, જે વિષે તેણે તેને મૂએલામાંથી પાછો ઉઠાડીને સર્વને ખાતરી કરી આપી છે."

- પ્રે.ફ ૧૭:૩૧

"કેમકે બાપ કોઈનો ન્યાય ચૂકવતો નથી, પણ ન્યાય ચૂકવાનું સઘળું કામ તેણે દીકરાને પણ આપે દીકરાને જે માન નથી આપતો તે તેના મોકલનાર બાપને પણ માન નથી આપતો."

- યોહાન ૫:૨૨, ૨૩

કેમકે દરેકે........... જે જે ભલું કે ભૂંડું કર્યું હશે તે પ્રમાણએ ફળ પામવાને આપણ સર્વને ખ્રિસ્તના ન્યાયસન આગળ પ્રગટ થવું પડશે."

- ૨કોરોથી ૫:૧૦

દેવ ઈસુ ખ્રિસ્તની મારફતે માણસોમાં ગુપ્ત કામોનો ન્યાય ચૂકવશે. - રૂમી ૨:૧૬ અ

અને જ્યારે પ્રભુઈસુ સ્વર્ગમાંથી પોતાના પરાક્રમી દૂતો સાથે અગ્નિની જવાળામાં પ્રગટ થશે; ત્યારે તે તમો દુઃખ સહન કરનારાઓને અમારી સાથે વિસામો આપે. તે વેળા જેઓ દેવને ઓળખતા નથી અને જેઓ આપણા પ્રભુઈસુ ખ્રિસ્તની સુવાર્તા માનતા નથી. તેઓને તે સજા કરશે.

- ૨થેસ્સા ૧:૭,૮

'પરંતુ આ મારા વૈરી જેઓ ચાહતા નહોતા કે હું તેઓ પર રાજ કરું, તેઓને અહીં લાવો અને મારી આગળ મારી નાંખો. - લુક ૧૯:૨૭

તેઓ દેવ વિષે જાણવાનો ડોળ કરે છે પણ, પોતાની કરણીઓથી તેઓ તેનો નકાર કરે છે.

- તીતસ ૧:૧૬અ

પણ જો કોઈને ખ્રિસ્તનો આત્મા નથી. તો તે ફ્રખ્રિસ્તઝ નો નથી. - રૂમી ૮:૯બ

"તેઓ મારા લોક તરીકે તારી આગળ બેસે છે, તેઓ તારાં વચનો સાંભળે છે, પણ તેમનો અમલ કરતાં નથી; કેમકે તેમના મુખથી તેઓ બહુ પ્રીતિ દેખાડે છે, પણ તેમનું મન તો તેમના સ્વાર્થ પાછળ ભટકે છે." - હઝકીએલ ૩૩:૩૧ બ

"આ લોક પોતાના હોઠોથી મન માન આપે છે, પણ તેઓનાં મન મારાથી વેગળાં જ રહે છે."

- માત્થી ૧૫:૮

"જેઓ મને પ્રભુ કહે છે, તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહીં, પણ જેઓ, મારા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે કરે છે ફ્તેઓ જ પેસશે.ઝ તે દહાડે ઘણાં મને કહેશે, કે પ્રભુ, શું અમે તારે નામે પ્રબોધ કર્યો નથી ? અને તારે નામે ભૂતો કાઢ્યા નથી ? ત્યારે હું તેમને સાફ કહીશ કે મેં તમને કદી પણ ઓળખ્યા નહિં; ઓ ભૂંડું કરનારાઓ, તમે મારી પાસેથી દૂર જાઓ."

- માત્થી ૭:૨૧, -૨૩.

"તેમ તમે પણ માણસોની આગળ બહારથી ન્યાયી દેખાઓ છો ખરાં, પણ માંહે ઢોંગે તથા ભૂંડાઈએ ભરેલાં છો." - માત્થી ૨૩:૨૮

જો આપણે તેની આજ્ઞાઓ પાળીએ, તો એ ઉપરથી આપણને માલૂમ પડે છે કે આપણે તેને ઓળખીએ છીએ. - ૧ યોહાન ૨:૩

"હું મારો આત્મા તમારામાં મૂકીશ, ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ, ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં આણશો."

- હઝકીએલ ૩૬:૨૭

અને પરિપૂર્ણ થઈને તે પોતાની આજ્ઞા પાળનારા સર્વને સારું અનંત તારણનું કારણ થયો.

- હેબ્રુ ૫:૯

એ પ્રમાણે પાપથી મુક્ત થઈને, તમે ન્યાયીપયણાના દાસ થયા. - રૂમી ૬:૧૮

કેમકે આપણે તેની કૃતિ છીએ. અને સારી કરણીઓ કરવાને ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યાં છે : તે જ્સારી કરણીઓઝ વિષે દેવે અગાઉથી એમ કરાવ્યું, કે આપણે તે પ્રમાણે ચાલીએ. - એફેસી ૨:૧૦

જો ખ્રિસ્ત તમારામાં છે તો પાપને લીધે જ્તમારુંઝ શરીર તો મરેલું છે; પણ ન્યાયીપણાને લીધે જ્તમારોઝ આત્મા જીવે છે. કેમકે જો તમે દેહ પ્રમાણે જીવો તો તમે મરશો જ ; પણ જો તમે આત્મા વડે શરીરનાં કામોને મારી નાખો તો તમે જીવશો. - રૂમી ૮:૧૦,૧૩

ખ્રિસ્તનું નામ લે છે તેણે પાપથી દૂર રહેવું."

- ૨તીમાંથી ૨:૧૯ બ

પણ પીત્તર નથા પ્રેરિતોએ ઉત્તર આપ્યો, કે "માણસોના કરતાં દેવનું અમારે વધારે માનવું જોઈએ." - પ્રે.કૃ. ૫:૨૯

# ઈસુની પાછળ ચાલનારાઓનો જગત દ્વેષ કરે છે.

જો જગત તમારા પર દ્વેષ રાખે છે તો તમારા અગાઉ તેણે મારા પર દ્વેષ રાખ્યો છે,

એ તમે જાણો છો," જો તમે જગતના હોત તો જગત પોતાનાંના ઉપર પ્રેમ રાખત ; પરંતુ તમે જગતના નથી. પણ મેં તમને પોતાનાં ના ઉપર પ્રેમ રાખત; પરંતુ તમે જગતના નથી. પણ મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે, તે માટે જગત તમારા દ્વેષ રાખે છે." - યોહાન ૧૫:૧૮,૧૯

"હા, એવો સમય આવે છે કે જે કોઈ તમને મારી નાખે તે દેવની સેવા કરે છે, એમ તેને લાગશે. તેઓ બાપને તથા મને ઓળખતા નથી, માટે તેઓ એ કામો કરશે. - યોહાન ૧૬:૨બ,૩

"જુઓ, પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે કે આપણે દેવાનાં છોકરાં કહેવાઈએ; અને ખરેખર આપણે તેનાં છોકરાં છીએ, જેથી જગત આપણને ઓળખતું નથી, કેમકે તેને તેણે ઓળખ્યો નહિં." - ૧ યોહાન ૩:૧

"આપણને ઘણાં સંકટમાં થઈને દેવના રાજ્યમાં જવું પડે છે." - પ્રે.ક્ર. ૧૪:૨૨બ

"જેઓ ખ્રિસ્ત ઈસુમાં ભક્તિભાવથી ચાલવા ઇચ્છે છે, તેઓ સઘળા પર સતાવણી થશે જ." - ૨તીમાંથી ૩:૧૨

"જગતમાં તમને સંકટ છે : પણ હિંમત રાખો; જગતને મેં જીત્યું છે." - યોહાન ૧૬:૩૩બ

"તારું વચન મેં તેઓને આપ્યું છે; અને જગતે તેઓના ઉપર દ્વેષ કર્યો છે, કેમકે જેમ હું જગતનો નથી, તેમ તેઓ પણ જગતના નથી." - યોહાન ૧૭:૧૪

તમારી સર્વ ચિંતા તેના પર નાખો, કેમકે તે તમારી સંભાળ રાખે છે. - ૧ પીતર ૫:૭

"તું બીશ મા, કેમકે હું તારી સાથે છું; આમતેમ જોઈશ મા, કેમકે હું તારો દેવ છું; મેં તને બળવાન કર્યો છે; વળી મેં તને સહાય કરી છે; વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે." - યશાયાહ ૪૧:૧૦

મારા બાપે તથા મારી માએ મને તજી દીધો છે, પણ યહોવાહ મને સંભાળશે. - ગી.શા. ૨૭:૧૦

તો આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ, કે "પ્રભુ મને સહાય કરનાર છે; હું બીશ નહિં : માણસ મને શું કરનાર છે ? - હેબ્રુ ૧૩:૬

જો ખ્રિસ્તના નામને લીધે તમારી નિંદા થતી હોય, તો તમને ધન્ય છે; કેમકે મહિનાનો તથા દેવનો અત્મા તમારા પર રહે છે.

- ૧ પીતર ૪:૧૪ અ

વને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશો.- ગી.શા. ૯૧:૧૧

જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલુ, તો એ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિં ; કેમકે તુ મારી સાથે છે; તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે. - ગી.શા. ૨૩:૪

જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું." મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે. - ફિલિપી ૪:૧૩,૧૯

# પાપ અને શેતાન ઉપર વિજય

માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી. વળીદેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ : પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે.

- ૧ કોરોથી ૧૦:૧૩

એ માટે દયા પામવાને તથા અગત્યને પસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને , આપણે હિંમતથી કૃપાસનની પાસે આવીએ. - હેબ્રી ૪:૧૬

પણ જેમ તે પ્રકાશમાં છે. તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ તો આપણને એકબીજા સાથે સંગત છે. અને તેના પુત્ર ઈસુનું રકત આપણને સઘળાં પાપથી શુધ્ધ કરે છે. - ૧ યોહાન ૧:૭

વળી જુવાનીના વિષયોથી નાસી જા, પણ પ્રભુનું નામ શુધ્ધ હ્રદયથી લેનારાઓની સાથે ન્યાયીપણું વિશ્ર્વાસ પ્રેમ તથા શાંતિ પ્રાપ્ત કરવાને યત્ન કર. - ૨તોમોથી ૨;૨૨

તેમ તમે પણ પોતાને પાપના સંબધંમાં મૂએલા, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવના સંબધમાં જીવતા, ગણો. - રૂમી ૬:૧૧

માટે તમે દેવને આધીન થાઓ: પણ શેતાનની સામે થાઓ, એટલે તે તમારી પાસેથી નાશી જશે.

- યાકુબ ૪:૭

હું તારી વિરૂધ્ધ પાપ ન કરુ માટે મે તારું વચન મારા હ્રદયમાં રાખી મૂકયું છે. (ગી.શા. ૧૧૯.૧૧) છે. તેના કરતાં તમારામાં જે છે. તે મોટો છે. - ૧ યોહાન ૪:૪

મારું મુખ શોધ ઙ અમે તે મને કહ્યું,ત્યારે ઝ મારા હ્દયે તને કહ્યું કે હે યહોવાહ હું તારું મુખ શોધીશ.' હે લોકો, તમે સર્વ પ્રસંગે તેનો ભરોસો રાખો. તેની આગળ તમારું હ્દય ખુલ્લું કરો ; દેવ આપણો આશ્રય છે. (ગી. શા. ૨૧૧. ૨૭;૮;૬૨;૮)

હે યહોવાહ મને નીરોગી કર, એટલે હુ નીરોગી થઈશ; મારો ઉદ્ધાર કર, એટલે હું ઉદ્ધાર પામીશ, કેમકે તું મારું સ્તોત્ર છે.

- યિર્મેયાહ ૧૭ : ૧૪

નિત્ય પ્રાર્થના કરો; દરેક સંજોગોમાં ઉપકારસ્તુતિ કરો, કેમકે તમારા વિષે ખ્રિસ્ત ઈસુમાં દેવનુ મરજી એવી છે. -૧ થેસ્સા ૫ : ૧૭ , ૧૮

તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ, હોય તો ... દેવની પાસેથી તે માગે; એટલે તેને તે આપવામાં આવશે. -યાકુબ ૧ : ૫

જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો એટલે તે તમને મળશે.'' - યાકુબ ૧૫ : ૭

મેં યહોવાહનો શોધ કર્યો, અને તેણે મને ઉત્તર આપ્યો, અને મારા સર્વ ભયમાંથી મને છેડાવ્યો

- ગી.શા. ૩૪ : ૪

જો હું મારા હ્રદયમાં ભૂંડોઈ કરવાનો ઈરાદો રાખું, તો પ્રભુ મારું સાંભળે જ નહિં ; હે, યહોવાહ તારા નામની ખાતર મારા અન્યાયની ક્ષમા કર, કેમકે તે ઘણાં છે, - ગી. શા. ૬૬ : ૧૨૮, ૨૫ : ૧૧

પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો

- ફિલિપી ૪ : ૬

# ઈસુ પાછા આવવાના છે – તૈયાર રહો.

કેમકે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ દૂતની વાણી સહિત તથા દેવના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે; અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રતમ ઊઠશે; પછી આપણામાનાં જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારું તેઓની સાથે વાદળામાં તણાઈ જઈશુ; અને એમ સદા પ્રભુની સાથે રહીશું.

- ૧ થેસ્સાજ ૪ : ૧૬, ૧૭

તેથી, વહાલાઓ, આપણને એવા વચન મળેલાં છે માટે આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતા દૂર કરીને, પોતે શુધ્ધ થઈએ. અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ

- કોરોંથી ૨, ૭ : ૧

હવે, બાળકો, તેનામાં રહો ; કે જેથી જો તે પ્રગટ થાય, તો આપણામાં હિંમત આવે , ને તેના આગમનને વખતે તેની રૂબરૂ આપણે શરમાઈએ નહિં.

- ૧ યોહાન ૨ : ૨૮

તમે પણ ધીરજ રાખો, તમારાં મન દ્રઢ રાખો ; કેમકે પ્રભુનું આગમન નજીક છે. ભાઈઓ, તમારો ન્યાય કરવામાં ન આવે માટે એકબીજા સામે બડબડાટ ન કરો ; જુઓ ન્યાયાધીશ બારણા આગળ ઊભો રહે છે.

- યાકુબ ૫ : ૮, ૯

"તમે પણ તૈયાર રહો ; કેમકે તમારા ધારવામાં નહિ હોય, એવી ઘડીએ માણસોનો દીકરો આવશે."

લુક ૧૨ : ૪૦

# પવિત્ર આત્માથી ભરપૂર થાઓ.

મારા ઠપકાથી તમે પાછા ફરો ; હું તમારા પર મારો આત્મા રેડીશ, હું મારા વચનો તમને પ્રગટ કરીશ - નીતિ ૧ : ૨૩

"પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિમા પામો, કે તમારા પાનું નિવારણ થાય ; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે. - પ્રે. કૃ. ૨ : ૩૮ બ

મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે, પણ (પવિત્ર) આત્માથી ભરપૂર થાઓ ; ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજા સાથે વાતો કરીને તમારાં હૃદયોમાં પ્રભુનાં ગાયનો તથા ભજનો ગાઓ ; આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સઘળાંને સારુ દેવબાપની ઉપકારસ્તુતિ નિત્ય કરજો. ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો. - એફેસી ૫ : ૧૮ ૨૧

કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે , તે તો દેવ છે. - ફિલિપ ૨ : ૧૩

તમે દેવનું મંદિર છો, અને તમારામાં દેવનો આત્મા વસે છે, એ શું તમે જાણતા નથી ? કેમકે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા ; તો તમારા શરીર વડે દેવને મહિમા આપો.

- ૧ કોરીંથી ૩ : ૧૬; ૬ : ૨૦

તેઓ સર્વે પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને દેવની વાત હિંમતથી બોલવા લાગ્યા

- પ્રે. કૃ ૪ : ૩૧ બ

વિના મૂલ્ય : વેચવાની નથી

Read booklets online or by App
www.wmp-readonline.org

www.wmpress.org

5-21

1577 Gujarati HKG